આંક–૭

# શ્રી ડી.પી.પુંજાણી, કામદાર વળતર ધારા હેઠળના કમિશ્નર, મજુર અદાલત, ભરૂચ સમક્ષ

**આઈ.ડી. પરચુ. અરજી નં–૮/૨૦૨૫**
**ઈન**
**રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪**

**અરજદાર** : ડેનો ફાર્મા. કેમિકલ્સ પ્રા. લીમીટેડ
પ્લોટ નં–૧/૭૧૩૧, ૭૧૩૨, ૭૧૩૩, ૭૧૦૨,
જી.આઈ.ડી.સી. અંકલેશ્વર,
તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

–:– **વિરૂધ્ધ** –:–

**સામાવાળા** : રાઠવા સલૂભાઈ રતનભાઈ
રહે. મુ. પો. સુરવાડી, રાજુભાઈના મકાનમાં,
તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

**હાજર રહ્યા** : અરજદાર તરફે વકીલશ્રી અશ્વિનભાઈ ખંભાતા.
સામાવાળા તરફે પ્રતિનિધિશ્રી ડી.એસ. જોગ.

## –:– હુકમ –:–

(૧) આ કામના અરજદાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ના ઔદ્યોગિક વિવાદ (ગુજરાત) રૂલ્સ, ૧૯૬૬ ના નિયમ–૨૬(એ) મુજબ રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪ નો એકતરફી એવોર્ડ રદ કરવા સદર અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર સંસ્થાએ તેમની આંક–૧ ની અરજીમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળાએ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનો ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરતાં તે ન્યાયનિર્ણય અર્થે અત્રેની અદાલતને સુપરત કરવામાં આવતાં રેફરન્સ કેસ નં–૨૩/૨૦૨૪ થી નોંધાયેલ છે. સદર રેફરન્સ અરજદાર સંસ્થાની ગેરહાજરીમાં એકતરફી ચાલી જતાં નામ. અદાલત દ્વારા તા.૦૪–૦૮–૨૦૨૫ ના રોજ નીચે મુજબનો

હુકમ કરવામાં આવેલ હતો.

## -:- <u>હુકમ</u> -:-

(૧) બીજા પક્ષકાર રાઠવા શલુભાઈ રતનભાઈનો રેફરન્સ કેસ (એલ.સી.બી.) નંબર-૨૩/૨૦૨૪ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) બીજા પક્ષકારને તા.૧૯-૧૧-૨૩ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોવાથી આથી ઠરાવવામાં આવે છે. પ્રથમ પક્ષકારને આદેશ આપવામાં આવે છે કે, આ હુકમ પ્રસિધ્ધિથી દિન-૩૦ માં બીજા પક્ષકારને તેઓ અગાઉ જે કામગીરી કરતાં હતાં તે મુળ જગ્યાએ નોકરીમાંથી છુટા કર્યાની તારીખથી ૩૦ ટકા પડેલા દિવસોના પગાર સાથે પુનઃ સ્થાપિત કરવા.

(૩) પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને રેફરન્સ ખર્ચના રૂા.૧,૦૦૦/- અલગથી ચુકવી આપવા.

(સહી)
પ્રમુખ અધિકારી
મજુર અદાલત નં-૧, ભરૂચ

ભરૂચ
તા.૦૪-૦૮-૨૦૨૫

સદરહુ હુકમ એકતરફી અને તેઓની ગેરહાજરીમાં થયેલ હોવાથી સદર હુકમ ઔદ્યોગિક વિવાદ ધારાના ગુજરાત રૂલ્સ-૨૬(એ) મુજબ સેટેસાઈડ કરવા માટે નીચે મુજબના કારણો સહિત સદર અરજી કરવી પડેલ છે.

સદર હુકમ એકતરફી અને અન્યાયી હોવાથી તથા સદર રેફરન્સમાં અરજદાર સંસ્થાને સુનાવણીની કોઈ નોટીસ મળેલ ન હોવાથી તેઓની જાણ બહાર એકતરફી હુકમ થયેલ છે. આ કામના સામાવાળાએ તેઓ નિરાધાર અને ખોટા હોવાના જે આક્ષેપો કરેલ છે તે પુરાવા આધારીત સાબિત કરી શકે તેમ હોવાથી તથા તેઓને ન્યાયીક રજુઆત કરવાની તક મળેલ ન હોવાથી હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં, તેઓ

નામ. કોર્ટને બાંહેધરી આપે છે કે, સદર હુકમ રદ કરવા પાછળનો હેતુ બોનોપાઈડ છે અને એ હુકમ જો રદ કરવામાં આવે તો તેઓ સમયમર્યાદામાં સદર કેસ ચલાવીને પુરો કરશે. અરજદાર સંસ્થાને સદરહુ હુકમની પ્રસિધ્ધિના સંદર્ભમાં પણ કોઈ નોટીસ મળેલ નથી. પરંતુ, આ કામના સામાવાળાએ સંસ્થાને તા.૦૮–૦૯–૨૫ ના પત્રથી રજી.એ.ડી. થી જાણ કરતાં તેઓ વિરૂદ્ધ રેફરન્સ કેસ એકતરફી ચાલી પુરો થયેલાની ખબર પડેલ છે. તે સંજોગોમાં સદર અરજી સમય મર્યાદામાં છે.

આમ, નામ. અદાલતે રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૪ ના કામમાં તા.૦૪–૦૮–૨૫ ના રોજ કરેલ એકતરફી એવોર્ડ રદબાતલ કરી મુળ રેફરન્સનું કામ ફરીફાઈલે લઈ તે ગુણદોષ ઉપર નિકાલ કરવાનો હુકમ કરવા તથા નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી બીજી દાદ માંગેલ છે.

અરજદાર સંસ્થાએ અરજી સાથે આંક–૨ થી તેમના વકીલનું વકીલાતનામું તથા આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક–૩/૧ થી સામાવાળાએ તા.૦૮–૦૯–૨૫ ના રોજ આપેલ નોટીસ તથા માર્ક–૩/૨ થી રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪ ના કામમાં નામ. અદાલતે તા.૦૪–૦૮–૨૦૨૫ ના રોજ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે.

**(૩)** આ કામે અરજદાર સંસ્થા તરફે અરજી દાખલ થતાં આંક–૪ થી તા.૦૮–૧૦–૨૦૨૫ ના રોજ સામાવાળા કામદારને આર.પી.એ.ડી. થી નોટીસ કરવામાં આવેલ.

**(૪)** સદર કામના સામાવાળા કામદારને નોટીસની બજવણી થતાં તેઓ તરફેના પ્રતિનિધિશ્રીએ હાજર રહી આંક–૫ થી તેમનું અધિકારપત્ર રજુ કરેલ છે. ત્યારબાદ તેઓ તરફે આંક–૬ ની પુરસીસથી સદર પરચુરણ અરજી યોગ્ય કોસ્ટ સાથે મંજુર કરવામાં આવે તો વાંધો નથી તેવું જાહેર કરેલ છે.

**(૫)** સદર કામે સામાવાળા કામદાર તરફેની દલીલો સાંભળી સદર કામ હુકમ માટે રાખવામાં આવેલ.

**(૬)** આ કામે અરજીના આખરી નિર્ણય તથા નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવા જરૂરી બને છે.

**–:– <u>મુદ્દા</u> –:–**

(૧) શું અરજદાર તેમની અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

(૨) શું હુકમ ?

**(૭)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**–:– <u>નિર્ણય</u> –:–**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૮)** ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**–:– <u>નિર્ણયના કારણો</u> –:–**

**<u>મુદ્દા નંબર–૧ અને ૨ ની સંયુક્ત ચર્ચા</u>:–**

મુળ રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪ નું કામ ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ જણાય છે કે, મુળ રેફરન્સમાં અરજદાર સંસ્થાને તેમના જવાબ રજુ કરવા તથા બીજા પક્ષકાર કામદારની ઉલટ તપાસ કરવા તથા પુરાવા રજુ કરવા તથા દલીલો રજુ કરવા માટે અનેક મુદતો આપવામાં આવેલ હોવા છતાં તેઓ તરફે જાતે કે તેમના વકીલશ્રી હાજર ન રહેતાં તા.૦૪–૦૮–૨૦૨૫ ના રોજ એવોર્ડ પસાર કરવામાં આવેલ. જે એકતરફી હુકમથી નારાજ થઈ અરજદાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ના ઔદ્યોગિક વિવાદ (ગુજરાત) રૂલ્સ, ૧૯૬૬ ના નિયમ–૨૬ (એ) મુજબનો એકતરફી હુકમ રદ કરવા હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે. સદર (ગુજરાત) રૂલ્સ, ૧૯૬૬ ના નિયમ–૨૬ (એ) ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

**<u>નિયમ–૨૬(એ)</u>:– એકતરફી હુકમો, એવોર્ડ અને રીપોર્ટો રદ કરવા બાબત.**

(૧) એકતરફી હુકમ, એવોર્ડ અથવા રીપોર્ટની જાણ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર, સંબંધિત પક્ષકાર અરજી કરે એટલે, બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ, ટ્રીબ્યુનલ અથવા લવાદ સામા પક્ષકારને નોટીસ આપ્યા પછી, પૂરતા કારણસર, યથાપ્રસંગ, આવા હુકમ, એવોર્ડ અથવા રીપોર્ટ રદ કરી શકશે.

(૨) બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા લવાદ, પૂરતું કારણ દર્શાવવામાં આવ્યેથી, પેટા– નિયમ(૧) માં ઉલ્લેખેલી મુદત લંબાવી શકશે.

(૩) પેટા–નિયમ (૧) હેઠળની અરજી સાથે સોગંદનામું હોવું જોઈશે.

કાયદાની ઉપરોક્ત જોગવાઈ અનુસાર એકતરફી હુકમ રદબાતલ કરવાની અરજી એવોર્ડની જાણ થયેથી દિન–૩૦ માં સંબંધિત પક્ષકારે દાખલ કરવાની હોય છે.

અરજદાર સંસ્થાએ જણાવેલ કારણો જોતાં અરજદાર સંસ્થાને રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪ ના કામની રેકર્ડ આધારીત હકીકતો જોતાં અરજદાર સંસ્થાને તેમનો પુરાવો રજુ કરવા, સામાવાળા કામદારની ઉલટ તપાસ કરવા, પુરાવા રજુ કરવા અને દલીલો રજુ કરવા માટે યોગ્ય, ન્યાયી અને વ્યાજબી મુદતો આપેલાનું જણાય આવે છે. પરંતુ, સામાવાળા કામદાર તરફે આંક–૬ થી રજુ કરવામાં આવેલ પુરસીસ ધ્યાને લેતાં અરજદાર સંસ્થાને પુરાવા રજુ કરવાની તક આપવી યોગ્ય અને ન્યાયીક જણાય આવે છે. અરજદાર સંસ્થાએ સદર અરજી સમય મર્યાદામાં કરેલ હોઈ તથા મજુર કાયદો એ કામદારોના કલ્યાણ અર્થેનો કાયદો હોઈ તેથી અરજદાર સંસ્થાને તેમના પુરાવા રજુ કરવા તક આપવી જોઈએ તેવું મારૂ માનવાનું થાય છે. મુળ રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪ ના કામે અરજદાર સંસ્થાને બચાવની તક આપવામાં આવે અને પુરાવા રજુ કરવાની તક આપી વિવાદનો ન્યાયનિર્ણય હાથ ધરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને તેનાથી પક્ષકારોને કોઈ

નુકશાન થવાનું નથી. આમ, મુળ અરજીના અરજદાર કામદારને થયેલ ખર્ચ, સમય તથા શક્તિનો વ્યય નાણાંથી ભરપાઈ કરી હાલની અરજીના અરજદાર સંસ્થાને પોતાની રજુઆત અત્રેની કોર્ટ સમક્ષ કરવાની એક તક આપવી જરૂરી જણાય આવે છે. પરંતુ, જો અરજદાર સંસ્થાને બચાવની તક ન આપવામાં આવે તો તેઓને અન્યાય થાય તેમ છે. આથી મુળ રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪ ના કામમાં તા.૦૪–૦૮–૨૦૨૫ ના રોજ થયેલ એકતરફી એવોર્ડ રદબાતલ કરવાનું યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતું હોઈ અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા નંબર–૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:– <u>આખરી હુકમ</u> –:–

(૧) અરજદાર સંસ્થાની અરજી આથી સામાવાળા કામદારને ખર્ચની રકમ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ચુકવેથી હવે પછીની તમામ મુદત તારીખે હાજર રહી કોર્ટની કાર્યવાહીમાં સહકાર આપવાની શરતે મંજુર કરવામાં આવે છે.

(૨) મુળ રેફરન્સ (એલ.સી.બી.) નં–૨૩/૨૦૨૪ ના કામમાં તા.૦૪–૦૮–૨૦૨૫ ના રોજ થયેલ એકતરફી એવોર્ડ રદબાતલ કરી મુળ કામ પુનઃ બોર્ડ પર લેવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ આજરોજ તા.૦૧–૦૫–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખઃ ૦૧/૦૫/૨૦૨૬**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**કામદાર વળતર ધારાના કમિશ્નર**
**મજુર અદાલત નં–૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર